રામકથા મેદાનમાં પ્રજાસત્તાક દિનની તડામાર તૈયારીઓ

શહેરમાં ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક પર્વની જિલ્લાકક્ષાની ઉજવણી ગાંધીનગરમાં રામકથા મેદાન સેક્ટર-૧૧ ખાતે યોજાનાર છે. જેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. રાષ્ટ્રીય પર્વની ઉજવણી નિમિત્તે પોલીસ જવાનો અને હોમગાર્ડના જવાન દ્વારા પરેડની પ્રેક્ટીસ કરવામાં આવી રહી છે. પોલીસ જવાનો અને હોમગાર્ડના જવાનો દ્વારા પ્રજાસત્તાક પર્વમાં શિસ્તબદ્ધ રીતે પરેડ યોજાશે. કોરોના ગાઈડલાઈનના પાલન સાથે આ કાર્યક્રમ યોજાશે જેની બેઠક વ્યવસ્થાઓ, મંડપ, સુશોભનની કામગીરી કરવામાં આવી રહી છે.

ખૂણેખાંચરેથી

● ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના રોજના ૧૯૦૦ જેટલા ટેસ્ટ કરવામાં આવે છે.

● દિલ્હી ખાતે પ્રજાસત્તાક દિન નિમિત્તે યોજાતી પરેડમાં સાબરકાંઠાના પાલ દઢવાવના આદિવાસી ક્રાંતિકારીની કથા ઉજાગર કરતો ટેબ્લો રજુ થશે.

● ગાંધીનગર જિલ્લાના ત્રણ નાયબ મામલતદાર મામલતદાર તરીકેની બઢતી માટે જી.પી.એસ.સી. દ્વારા લેવાયેલ સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે. ચંદ્રકાન્તભાઈ સુતરિયા, નિલેશ દેસાઈ અને હેતલબા ચાવડા ઉત્તીર્ણ થતાં જિલ્લાતંત્રમાં આનંદનો માહોલ છવાઈ જવા પામ્યો છે.

● માણસા અર્બન હેલ્થ સેન્ટરમાં અપૂરતા સ્ટાફથી ભારે હાલાકી પડી રહી છે.

● સે. ૩ માં નવા બનેલા બગીચામાં રમત-ગમતના સાધનો તુટવા માંડતા તેની ગુણવત્તાને લઈ સેક્ટરવાસીઓમાં ચર્ચાઓ શરૂ થઈ છે.

● જિલ્લામાં પશુઓની ચોરી કરતી ટોળકી સક્રિય થતાં પશુપાલકોમાં ભયની લાગણી પ્રસરી જવા પામી છે.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે આખો દિવસ પવનના સુસવાટાઓને લઈ લોકોએ ઘરમાં રહેવાનુ અને ગરમ વસ્ત્રો ધારણ કરવાનું મુનાસિબ માન્યુ હતુ.

● ગાંધીનગર શહેરમાં બે દિવસની રજાના માહોલ વચ્ચે આજે ટ્રાફિક ઓછો જણાયો હતો.

જમીયતપુરા પાસે લકઝરી બસની ડેકીમાંથી ૨૦૩ બોટલ દારૂ-બિયરની મળી

ગાંધીનગર, તા.૨૨

જમીયત પુરા કટ પાસેથી લકઝરી બસની ડેકીમાંથી ૬ જેટલા પાર્સલમાંથી પોલીસે દારૂ-બિયરની નંગ-૨૦૩ બોટલ અડાલજ પોલીસે ઝડપી પાડી છે. પોલીસે પાર્સલમાં દારૂ મંગાવનાર તેમજ મોકલનાર સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ પોલીસ મથકના સ્ટાફના જવાનો જમીયતપુરા કટ પાસે વાહન ચેકીંગની કામગીરી કરી રહ્યા હતા. તે સમયે શર્મા ટ્રાવેલ્સની લકઝરી બસ નં. આર.જે.૫૦.પી.એ.-૦૩૦૫ આવતા પોલીસે રોકાવી ડ્રાઈવર ૪૧ વર્ષિય કૈલાસ સમ્પતલાલ(રહે.રાસી સરબાસ, પુરહીતાન બીકાનેર રાજસ્થાન)તેમજ કંડકટર બજરંગલાલ બનવારી લાલ ભામ્ભુ (ઉં.૨૦ રહે.રાસીસાર બાસવાડા બીકાનેર રાજસ્થાન) ને સાથે રાખી મુસાફરોનો સામાન ચેક કર્યો હતો.ત્યારબાદ બસની ડેકીમાં ચેક કરતા સફેદ પ્લાસ્ટીકના મીણીયામાં વીંટાડીને પેક કરેલા ૬ પાર્સલ શંકાસ્પદ મળી આવ્યા હતા. પોલીસે પાર્સલ ચેક કરતા તેમાંથી કિ.રૂ.૧,૭૩,૨૭૫ ની કિંમતની દારૂ-બિયરની બોટલ નંગ-૨૦૩ બોટલ મળી આવી હતી. પોલીસે લકઝરી બસના ચાલક અને કંડકટરની પુછપરછ કરતા આ પાર્સલ જયશ્રી કાર્ગો ટ્રાન્સપોર્ટ બીકાનેર મોકલાવેલ અને સોનુસીંગ મંગાવ્યા હોવાનું જણાવ્યું હતું. પોલીસે દારુ-બિયરનો જથ્થો કબ્જે કરી પ્રોહીએકટ મુજબ દારુ મોકલનાર અને મંગાવનાર સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

અમે અહીં કોરોનાના જ બૂસ્ટર ડોઝ આપીએ છીએ... તમારા ખીસ્સા ખાલી થઈ ગયા હોય તો નાણા વિભાગ પાસે જ બુસ્ટર ડોઝ માંગવાનો...!!!

સિવિલમાં ડોકટર્સ-નર્સિંગ સ્ટાફ કોરોનાની ઝપટે

ગાંધીનગર, તા.૨૨

રાજયભરમાં કોરોના કહેર મચાવી રહ્યો છે. ત્યારે પાટનગરને પણ કોરોના અજગરી ભરડો લઈ રહ્યું છે. કોરોનાના દર્દીઓ સતત વધતા તંત્ર પણ ચિંતિત બન્યું છે. ગાંધીનગર સિવિલમાં ફરજ બજાવતા ડોકટર્સ-નર્સિંગ સ્ટાફ સહિત અન્ય કર્મચારીઓ પણ કોરોનાની ઝપટે ચડી ગયા છે.

કોરોનાની ત્રીજી લહેર પાટનગરમાં તરખાટ મચાવી રહી છે. કોરોનાગ્રસ્ત દર્દીઓનો આંકડો સતત વધી રહ્યો છે. ત્યારે કોરોના વોરીયર્સ ડોકટર્સ અને નર્સિંગ સ્ટાફને પણ કોરોનાનો ચેપ લાગ્યો છે. શહેરની સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા ૧૨ થી વધુ ડોકટર્સ અને ૧૬ થી વધુ નર્સિંગ સ્ટાફ સહિત વર્ગ-૪ ના કર્મચારીઓને કોરોનાનો ચેપ લાગ્યો છે. ડોકટર્સ અને નર્સિંગ સ્ટાફ કોરોનામાં સપડાતા સિવિલની આરોગ્ય સેવાઓ પર અસર વર્તાય છે. હાલ ચેપગ્રસ્ત સ્ટાફને ૭ દિવસ કવોરન્ટાઈન રહેવુ પડે છે. ત્યારબાદ ફરીવાર અધિકારી-કર્મચારીઓ ફરજ પર હાજર થઈ જાય છે. કોરોના વેકસિનના બે ડોઝ અને બુસ્ટર ડોઝ લીધા બાદ પણ સિવિલના સ્ટાફના અધિકારી-કર્મચારીઓ કોરોનામાં સપડાય છે. જેથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલની અન્ય કામગીરી પર અસર વર્તાઈ રહી છે. હાલના સમયે કોવીડ દર્દીઓ વધુ એડમીટ ન હોવાથી કોવીડ સેવા ખોરવાઈ નથી. પરંતુ ડોકટર્સ પોઝીટીવ હોવાથી ઓપીડી તેમજ ઓપરેશન હાલ શક્ય નથી. સિવિલમાં કોરોનાના દર્દીઓ વધી રહ્યા છે. જેને પગલે વોર્ડ નં.૫૦૧ પણ તંત્ર દ્વારા તૈયાર કરી દેવાયો છે. જયારે કવોરન્ટાઈન બાદ સિવિલમાં ફરજ પર હાજર થઈ જવા માટે તંત્ર દ્વારા તબિબો અને નર્સિંગ સ્ટાફને સુચના આપી દેવામાં આવી છે. ઉલ્લેખયની છે કે ગાંધીનગર સિવિલમાં ઉભી કરાયેલી કોવીડ ઓપીડી સવાર થી સાંજ સુધી દર્દીઓથી ઉભરાતી જોવા મળે છે. સામાન્ય તાવ, શરદી ખાંસી સહિતના લક્ષણો ધરાવતા દર્દીઓ આરટીપીસીઆર ટેસ્ટ માટે સવાર થી જ લાઈન લગાવી દે છે. ત્યારે કોરોના પોઝીટીવ આવતા જ કેટલાક દર્દીઓ સારવાર માટે એડમીટ થાય છે તો કેટલાક દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરે છે.

બીડી-સિગારેટના ૧૨૩ પેકેટ ચોરી કરનાર શખ્સ ઝડપાયો

કલોલની સિંદબાદ હોટલ નજીક આવેલ બ્રિજ નીચેથી આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા.૨૨

કલોલ એસટી ડેપોની પાછળ આવેલા હરીઓમ ટ્રેડીંગ નામની દુકાનમાંથી દશ દિવસ અગાઉ રાત્રીના સમયે તસ્કરોએ ત્રાટકીને રૂ.૧૯,૯૦૦ ની કિંમતના બીડી-સીગારેટના ૧૨૩ પેકેટ ઉઠાવી ગયા હતા. ત્યારે કલોલની સિંદબાદ હોટલ નજીક આવેલ બ્રિજ નીચેથી એલસીબી-૧ પોલીસે આરોપીને પકડી પાડી ૧૨૩ પેકેટ બીડી-સિગારેટના કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ ડી.એસ.રાઓલ તેમજ જવાનો કલોલ વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે દરમિયાન એએસઆઈ ધર્મેન્દ્રસિંહ અને હે.કો.અનુપસિંહ ને સંયુકત રીતે બાતમી મળી હતી કે એક શખ્સ તેની પાસે રહેલા થેલામાં ચોરીની સિગારેટ અને બીડી લઈને કલોલ સિંદબાદ હોટલ સામે બ્રિજ નીચે શંકાસ્પદ હાલતમાં ઉભો છે. જેથી પોલીસે સ્થળ પર જઈ વિનોદકુમાર બાબુલાલ મિસ્ત્રી (રહે.સ્વદેશીની ચાલી, નવજીવન રોડ કલોલ, જી.ગાંધીનગર)ને પકડી પાડી તેની પાસે રહેલા થેલો ચેક કરતા જશવંત છાપ સ્પેશીયલ ટેલીફોન બીડીના ૨૯ પેકેટ તેમજ ગોલ્ડ સ્ટેગ પ્રીમીયમ સિગારેટના ૯૪ પેકેટ મળી આવ્યા હતા. બીડી-સીગારેટના પેકેટ અંગે શખ્સને પોલીસે પુછતા તેણે સંતોષકારક જવાબ આપ્યો ન હતો. જેથી પોલીસે ઉંડાણપૂર્વક તપાસ કરતા આશરે દસ દિવસ અગાઉ રાત્રીના સમયે કલોલ એસટી ડેપોની પાછળ આવેલ હરીઓમ ટ્રેડીંગ નામની દુકાનમાંથી ચોરી કરી હતી. જયારે આ મુદ્દામાલ પણ તે ચોરીનો જ છે. પોલીસે રૂ.૧૯,૯૦૦ ની કિંમતના ૧૨૩ બીટી સિગારેટના પેકેટ કબ્જે કરી આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઈસનપુર મોટા ખાતે અબોલ શ્વાન માટે ૮ મણ શુદ્ધ ઘીના ઘઉંના લાડુ બનાવ્યા

ચિલોડા, તા. ૨૨

ઈસનપુર મોટા ખાતે કૂતરાં પરબડી સાર્વજનિક ટ્રસ્ટ ઈસનપુર મોટાના પશુપ્રેમી ટ્રસ્ટી તથા ગ્રામજનોના સહિયારા પ્રયાસથી તા. ૨૨મી જાન્યુઆરી શનિવારના રોજ અબોલ શ્વાન માટે ૮ મણ શુદ્ધ ઘીના ઘઉંના લાડુ બનાવી જીવદયાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરૂ પાડ્યું છે. દર વર્ષે અબોલ શ્વાન માટે ટ્રસ્ટી તથા ગ્રામજનોના સહિયારા પ્રયાસથી જીવદયા અર્થે આ ઉમદા કાર્ય કરવાની પરંપરા વર્ષોથી ચાલી આવે છે.

સુઘડ તબેલામાંથી રૂ.૨.૫૨ લાખના દુધાળા પશુઓની ચોરી

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેર-ગ્રામ્ય વિસ્તારમાં પશુચોર ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહયું છે. તાજેતરમાં પેથાપુર નજીક પીંડારડાની સીમમાં તબેલામાંથી પશુઓની ચોરી થવા પામી હતી.ત્યારે ગત રાત્રીએ સુઘડના તબેલામાંથી ૫ દુધાળા પશુ અને એક નાના પાડાની ચોરી કરી ટોળકીએ હાહાકાર મચાવતા ખેડુતોમાં ભય ફેલાયો છે. ખેડુતે પશુઓની આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી પરંતુ તેમ છતા મળી ન આવતા આખરે ખેડુતે રૂ.૨.૫૨ લાખના પશુ ચોરી અંગે અડાલજ પોલીસ મથકે ગુનોં નોંધાવતા પોલીસે તપાસ આદરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરને અડીને આવેલા સુઘડ ગામના દશરથભાઈ ગોવિંદભાઈ પટેલ પશુપાલનનો વ્યવસાય કરે છે. દશરથભાઈના તબેલામાં ૧૪ ભેંસ રાખવામાં આવે છે. ત્યારે ગત બુધવારના રોજ રાત્રીના સમયે ઘાસચારો આપ્યા બાદ વહેલી સવારે તબેલામાં ચકાસણી કરતા ૫ ભેંસ અને એક નાનો પાડો દેખાયો ન હતો. જેથી ખેડુતે તપાસ કરતા કેનાલ સુધી પશુઓને લઈ જવાયા હતા અને ત્યાંથી વાહનમાં લઈ જવાયા હોવાના માર્ક જોવા મળ્યા હતા. જેથી વાહન લઈને આવેલી ટોળકી તેમના પશુઓને ભરીને લઈ ગઈ હોવાનો અંદાજ આવ્યો હતો. ત્યારે શિયાળાની કડકડતી ઠંડીમાં ઘરફોડ ચોરીના બનાવો તો સતત વધી રહ્યા છે.ત્યારે પશુચોર ટોળકી પણ સક્રિય થતા ગ્રામ્ય વિસ્તારના પશુપાલન વ્યવસાય સાથે જોડાયેલા ખેડુતોમાં ફફડાટ ફેલાયો છે. ત્યારે પશુચોર ટોળકીને પકડવા માટે પોલીસે પણ ખાસ પ્લાન ઘડવો પડશે.

ચિલોડા પ્રાથમિક શાળા ખાતે ટેલી કોન્ફરન્સ દ્વારા એસ.એમ.સી. સભ્યોની તાલીમ યોજાઈ

ચિલોડા, તા. ૨૨

ગાંધીનગર તાલુકાના ચિલોડા પ્રાથમિક શાળા ખાતે સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત બાયસેગ વંદે ગુજરાત ચેનલ પર શાળા વ્યવસ્થાપન કમિટી સભ્યોની ટેલી કોન્ફરન્સ દ્વારા તજજ્ઞો સુશ્રી ગીતા મકવાણા, દર્શના સુથાર, ડૉ. હિતેન્દ્ર જોષી અને એચ.આર. તન્નાએ એસ.એમ.સી. સભ્યોની તાલીમ શિબિરમાં શાળા વ્યવસ્થાપન સમિતિની રચના, તેમના કાર્યો અને ફરજો, સમિતિનો વિકાસ, કન્યા શિક્ષણના અમલીકરણમાં મુખ્ય લક્ષ્યાંકો, કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય, ટ્રાન્સપોટેશનની સુવિધા વગેરે મહત્વની શૈક્ષણિક પ્રાથમિક માધ્યમિક એસ.એમ.સી. સંલગ્ન મુદ્દાઓની માહિતી અને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતુ. આ તાલીમમાં શાળાના આચાર્ય હર્ષદભાઈ પટેલ, એસ.એમ.સી. અધ્યક્ષ કુલાબેન ટી. ઠાકોર અને શિક્ષણવિદ નટુભાઈ પટેલ પત્રકાર વગેરે હાજર રહ્યા હતા.

બી. એ. રાવલ
એડવોકેટ
મો. ૯૭૨૩૦ ૨૩૪૧૫
કોર્ટ : 'ન્યાય મંદિર', પથિકાશ્રમ પાસે, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૧
રહેઠાણ : પ્લોટ નં. ૩૦૩/૨, કિસાનનગર, સેક્ટર-૨૬, ગાંધીનગર

જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ ગાંધીનગરના શહેર ગાંધીનગર ટાઉનશીપમાં સેક્ટર-૨૫માં આવેલ ગુજરાત હાઉસીંગ બોર્ડ ૨૩૮- એલ.આઈ.ડી. સ્કીમમાં આવેલ બ્લોક નં. ૬ અને ટેનામેન્ટ નં. ૪૩ કે જેનું ક્ષેત્રફળ આશરે ૪૧.૬૬ ચો.મી. થાય છે તથા બાંધકામનું ક્ષેત્રફળ ૧૯૮.૪૩ ચો.મી. થાય છે તે મીલકત દરજી નરેશભાઈ બાબુભાઈ તથા દરજી પંકજભાઈ બાબુભાઈએ પોતાની સંયુક્ત માલીકી, કબજા, ભોગવટાની આવેલી હોવાનું તેમજ સદરહુ મીલકત સર્વે પ્રકારના વાંધા, બોજાઓથી મુક્ત હોવાનું જણાવી અમો પાસે સદરહુ મીલકતના ટાઈટકલ ક્લીયરન્સ સર્ટીફિકેટની માંગણી કરેલ છે. જેથી સદરહુ મીલકત કે તેના કોઈ ભાગ પરત્વે કોઈપણ ત્રાહિત ઈસમ, મંડળી, બેંક, પેઢી કે અન્ય કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હક્ક, હીત, હિસ્સો વગેરે પોષાતો હોય તો સદર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૧૫ (પંદર)માં અમોને નીચેના સરનામે લેખિત ખરી નકલવાળા પુરાવા સહિત રજી.પો.ઓ.ડી.થી જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થયેથી સદરહુ મીલકતમાં અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હીસ્સો પોષાતો નથી અગર જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ માની અમો સદરહુ મીલકત અંગેનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટ ઈસ્યુ કરીશું. અને ત્યાર પછી કોઈની કોઈપણ પ્રકારની તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. જેની સર્વેએ નોંધ લેવી.

તારીખ :૨૧/૧/૨૦૨૨

સહી/-
બી. એ. રાવલ (એડવોકેટ)
રહે. પ્લોટ નં. ૩૦૩/૨,
કિસાનનગર, સેક્ટર-૨૬, ગાંધીનગર
મો. નં. ૯૭૨૩૦ ૨૩૪૧૫

શંકરાચાર્યએ અદ્વૈત વિચારધારાને સુવ્યવસ્થિત કરી સમાજમાં પ્રવાહિત કરી

'આર્ષ' પ્રવચનમાળા અંતર્ગત 'જગદગુરુ શંકરાચાર્ય' વિષય ઉપર ૯૮મું પ્રવચન ઓનલાઈન લાઈવ યોજાયું

ગાંધીનગર, તા.૨૨

'આર્ષ' શોધસંસ્થાન અક્ષરધામ ગાંધીનગર દ્વારા વ્યક્તિવિશેષ અંગે 'જગદગુરુ શંકરાચાર્ય' વિષય પર ૯૮માં પ્રવચનનું આયોજન ઓનલાઈન લાઈવ આજે યોજાયું હતું. આ પ્રસંગે આર્ષ શોધસંસ્થાન, ગાંધીનગરના નિયામક, સર્વદર્શનાચાર્ય, વિદ્યાવારિધિ અને વિદ્યાવાચસ્પતિ એવા વિદ્વાન સંત ડૉ. પૂ. શ્રુતિપ્રકાશદાસ સ્વામીએ શરૂઆતમાં જગદગુરુ શંકરાચાર્યના પવિત્ર, પ્રતિભાશાળી અને લોકોત્તર જીવનની ઝાંખી કરાવતાં જણાવ્યું હતું કે, શંકરાચાર્ય સાક્ષાત ભગવાન શંકરના અવતાર હતા. તે સમય એવો હતો કે શંકર પ્રગટ ન થયા હોત તો ચાર વેદનું ગાન, ચાર આશ્રમોની ક્રિયા, ચાર વર્ણ અને ભારતના યાત્રાધામો પણ લુપ્ત થઈ જાત. શંકરાચાર્યના પિતાનું નામ શિવગુરુ અને માતાનું નામ આર્યંબા હતું. સંવત ઈ.પૂ. ૬૮૬ ના વૈશાખ સુદ પાંચમે નિઃસંતાન દંપતીને વડક્કુનાથ મહાદેવની ઉપાસનાથી મેધાવી પુત્ર રત્નની પ્રાપ્તી થઈ હતી. તેથી શંકર નામ પાડવામાં આવ્યું હતું. ચાર વર્ષની વયે પિતાનો કૈલાસવાસ થયેલો તેથી માતાના વ્હાલપ વચ્ચે શંકરનો ઉછેર થયો હતો. માતાના સ્નાન માટે નદીને પ્રાર્થના કરી તેના પ્રવાહને ઘર પાસે વહેવરાવેલો. આંબળાની ભિક્ષા આપનાર મહિલા માટે કનકધારા સ્તોત્ર વડે લક્ષ્મીને પ્રસન્ન કરીને લક્ષ્મીવર કરાવી હતી.

શંકરાચાર્યએ આઠ વર્ષે ચારેય વેદો ભણી લીધા. બાર વરસની ઉમરે તમામ શાસ્ત્ર ભણી ગયેલા, સોળ વર્ષની ઉમરે તેમણે ભાષ્યો રચેલા. બત્રીસ વર્ષની ઉમરે દેહત્યાગ કરી દીધેલો. પિતાના અવસાન બાદ માતાએ ગૃહસ્થાશ્રમ અંગે ઈચ્છા વ્યકત કરી પણ શંકરે તે માટે અનિચ્છા દર્શાવી. આઠ વર્ષની વયે પૂર્ણા નદીમાં સ્નાન કરતાં મગરે શંકરનો પગ પકડ્યો ત્યારે બાળક શંકરે માતાને કહેલું કે, માતા મૃત્યું આવી ગયું છે પરંતુ જો તમે સંન્યાસ લેવાની રજા આપો તો મારો બીજો જન્મ થાય. માતાએ રજા આપી તરત જ મગરે પગ છોડ્યો. એક નિમિત્ત બનાવી શંકરે માતા પાસે સંન્યાસ લેવાની આજ્ઞા મેળવી લીધી. ત્યારબાદ શંકર નર્મદા કિનારે



ઓમકારેશ્વર જઈ અદ્વૈતી ગોવિંદપાદ નામના યોગીનું શરણું સ્વીકારી તેમના શિષ્ય થયા. શંકરાચાર્યની કવિત્વશક્તિ સહજન્મા હતી ત્યાં નર્મદાષ્ટકની ભેટ આપી. ત્યારબાદ શંકર કાશી પહોંચ્યા. ત્યાં ચાર ડાઘિયા કૂતરા સહિત ચંડાલ અર્થાત ચાર વેદના પ્રતીક સ્વરૂપે ભગવાન શંકરને મળ્યા. ત્યાં તેમને મનીષાપંચકમ્ ગાઈ ભગવાન શંકરને પ્રસન્ન કર્યા. ચંડાલમાંથી મૂળ સ્વરૂપે પ્રગટ થઈ ભગવાન શંકરે વેદનો પ્રચાર કરવાનો આદેશ આપ્યો અને બદ્રીનાથ જવાની આજ્ઞા કરી હતી. બદ્રિકાશ્રમમાં વ્યાસ ગુફામાં રહી બાર ઉપનિષદ, બ્રહ્મસુત્ર અને ગીતા ભાષ્ય રચ્યું. સાથે સાથે અન્ય ગ્રંથોની પણ રચના કરી હતી.

શંકરાચાર્યે સમગ્ર ભારતનું તીર્થાટન કરી શારદા મઠ, ગોવર્ધન મઠ, જ્યોર્તિ મઠ અને શૃંગેરી મઠ એમ ચારે દિશામાં ચાર મઠો સ્થાપી સમર્થ એવા ચારે શિષ્યોને મહાવાક્યો સહિત ગાદી સોંપી. અને બૌદ્ધ ધર્મને ભારત બહાર મોકલવામાં તેઓ સફળ રહ્યા હતા. ચાર મઠોની સ્થાપના કરી કાલડી પહોંચી મૃત્યુંની અણી પર પહોંચેલા માતૃશ્રીને પોતાની પ્રતિજ્ઞા અનુસાર તેમને મળવા પહોંચ્યા. માતાને બ્રહ્મજ્ઞાન આપ્યું. માતા કૈલાસ સીધાવ્યા. પોતે સંન્યાસી હોવા છતાં અગ્નિદાહ આપ્યો હતો.

શંકરાચાર્યના તત્ત્વજ્ઞાન વિશે વાત કરતાં તેમને જણાવ્યું હતું કે, જો કોઈએ અદ્વૈત વિચારધારાને સુવ્યવસ્થિત કરી અને સમાજમાં પ્રવાહિત કરી હોય તો તે શંકરાચાર્યે. તેમણે બૌદ્ધ કરતાં આપણે જુદા છીએ તે સમજાવ્યું. બ્રહ્મ સત્ય જગત મિથ્યા સૂત્ર આપ્યું. વ્યવહાર અને અધ્યાત્મ-પરમાર્થ બંને જુદા છે એમ બે ભેદ પાડ્યા હતા.

અદ્વૈત વેદાંત અને અક્ષરપુરુષોત્તમ દર્શનમાં ઘણા ભેદ છે તેમ છતાં હિંદુ ધર્મની સમન્વયવાદી વિચારધારાને કારણે સનાતનધર્મની શાખાસમાન અદ્વૈત વેદાંતના સંન્યાસીઓ, મહામંડલેશ્વરો સાથે પ્રમુખસ્વામી મહારાજે એટલો જ પ્રેમ ધરાવ્યો છે અને હાલ મહંતસ્વામી મહારાજ પણ તમામ સાથે સ્નેહ ધરાવે છે.

પ્રવચનના અંતમાં આર્ષ ત્રૈમાસિક પ્રવચનમાળાની પ્રણાલી મુજબ આગામી ૯૯માં સામાજિક સમસ્યા વિષયક પ્રવચન 'યુવા માનસનો એમ.આર.આઈ.' (યુવાનોની સમસ્યાઓ અને ઉકેલ) ની રૂપરેખા યુવક સાહિલ પટેલે આપી હતી અને છેલ્લે પૂ. હરિતિલકદાસ સ્વામીએ શાબ્દિક આભાર વિધિ કરી હતી. કાર્યક્રમમાં દેશ વિદેશથી મોટી સંખ્યામાં શ્રોતાઓ ઓનલાઈન જોડાયા હતાં.